T-20 વર્લ્ડકપ | આજની મેચ | પાકિસ્તાન v/s નેધરલેન્ડ ▶ સમયઃ સવારે 11 વાગ્યે ▶ સ્થળઃ કોલંબો | વેસ્ટઇન્ડિઝ v/s સ્કોટલેન્ડ ▶ સમયઃ બપોરે 3.00 વાગ્યે ▶ સ્થળઃ કોલકાતા | ભારત v/s અમેરિકા ▶ સમયઃ સાંજે 7.00 વાગ્યે ▶ સ્થળઃ મુંબઇ

# વિવાદો વચ્ચે આજથી ટી-20 વર્લ્ડકપ : ભારત પ્રબળ દાવેદાર

**સૌથી** વધુ રાજકીય પ્રભાવ ધરાવતી વૈશ્વિક ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભારતીય ટીમ પાસે ઇતિહાસ રચવાની તક

**બાંગ્લાદેશની** બાદબાકી પછી પાકિસ્તાનનો ભારત સામેની મેચનો બહિષ્કારથી રમતમાં રાજકારણ ભળ્યુ



નવી દિલ્હી, તા. 06 (પીટીઆઇ) : ભારત અને શ્રીલંકાની સંયુક્ત યજમાનીમાં આવતીકાલે બંને રાષ્ટ્રોમાં ત્રણ અલગ-અલગ સ્થળોએ શનિવારથી શરૂ થઇ રહેલા પુરુષોના ટી-20 વર્લ્ડકપને અત્યાર સુધીનો સૌથી મોટો વર્લ્ડકપ ગણાવાય છે, પરંતુ તે કદાચ સૌથી વધુ રાજકીય વિવાદોથી ઘેરાયેલો પણ છે, જેમાં મેદાન બહારના ડ્રામાએ રમતની ચમક ફીકી પાડી દીધી છે. સૂર્યકુમાર યાદવની આગેવાની હેઠળની ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતીય ટીમ પર 'હોટ ફેવરિટ'નું લેબલ લાગેલું છે, તેમ છતાં અત્યાર સુધી સંભવિત વિજેતાઓ કે ખેલાડીઓ કરતાં વિવાદોની ચર્ચા વધુ રહી છે.

ટુર્નામેન્ટના ઈતિહાસમાં પ્રથમ વખત રમતગમત સાથે રાજનીતિનું આવું મિશ્રણ જોવા મળ્યું છે. આ વખતે ટીમોની સંખ્યા 16 થી વધારીને 20 કરવામાં આવી છે. બાંગ્લાદેશે સુરક્ષાના કારણોસર ભારતમાં રમવાનો ઈનકાર કરતાં તેને બહાર કરી દેવામાં આવ્યું છે, જ્યારે પાકિસ્તાને તેના સમર્થનમાં ભારત સામેની મેચનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી છે. બંને દેશોએ આ અશાંતિ માટે ભારતને જવાબદાર ગણાવ્યું છે. આના કારણે આઈસીસી અને બ્રોડકાસ્ટર્સને મોટા આર્થિક નુકસાનની ભીતિ છે, જ્યારે પાકિસ્તાન પર કડક પ્રતિબંધો આવી શકે છે.

## ભારતનું વર્ચસ્વ અને અન્ય ટીમો

ક્રિકેટની દ્રષ્ટિએ જોવામાં આવે તો આ એડિશનમાં ભારતનું વર્ચસ્વ રહેવાની પૂરેપૂરી શક્યતા છે. સૂર્યકુમાર યાદવની ટીમ જે ફોર્મમાં છે, તેને જોતા ભારત હારે તો તે એક મોટો ઉલટફેર ગણાશે. જો ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ પ્રેમદાસા સ્ટેડિયમમાં રમાશે, તો તે ભારતના યુવા બેટ્સમેનો માટે પાકિસ્તાની સ્પિનરો સામે કસોટી સમાન હશે.

## ભારત સિવાયની અન્ય પ્રબળ ટીમોની સ્થિતિ

**ઓસ્ટ્રેલિયા :** પેટ કમિન્સ અને જોશ હેઝલવુડની ગેરહાજરીમાં તેમનું બોલિંગ આક્રમણ કાગળ પર થોડું નબળું લાગે છે, પરંતુ ટ્રેવિસ હેડ અને મિશેલ માર્શ જેવા ખેલાડીઓ સાથે તેમની બેટિંગ લાઇનઅપ ખૂબ જ મજબૂત છે.

**ઈંગ્લેન્ડ :** હેરી બ્રુક અને જોસ બટલર જેવા વિસ્ફોટક બેટ્સમેનો હોવા છતાં, કુલદીપ યાદવ અને અક્ષર પટેલ જેવા ભારતીય સ્પિનરો સામે તેમનું પ્રદર્શન તેમની સફર નક્કી કરશે.

**દક્ષિણ આફ્રિકાઃ** રબાડા અને નોર્કિયા સાથે તેમની પાસે ભારત પછીનું બીજું સૌથી મજબૂત બોલિંગ આક્રમણ છે.

**ન્યૂઝીલેન્ડ :** તેઓ ભારતની પરિસ્થિતિમાં ઝડપથી અનુકૂલિત થયા છે અને ડેરીલ મિશેલ તથા મિશેલ સેન્ટનર જેવા ખેલાડીઓ સાથે તેઓ જોખમી સાબિત થઈ શકે છે.

**શ્રીલંકા :** ઘરઆંગણે રમતા હોવાથી હસરાંગા અને પથિરાના જેવા બોલરો સાથે તેઓ કોઈ પણ ટીમને હરાવવાની ક્ષમતા ધરાવે છે.

## નવા ચહેરાઓ અને એસોસિયેટ ટીમો

આ વર્લ્ડ કપમાં અમેરિકા અને નેપાળ જેવી ટીમો પર નજર રહેશે. 9 બોલમાં અડધી સદી ફટકારવાનો વર્લ્ડ રેકોર્ડ ધરાવતો નેપાળના દીપેન્દ્ર સિંહ એરી આકર્ષણનું કેન્દ્ર રહેશે. આ ઉપરાંત, ફૂટબોલ માટે જાણીતું ઇટાલી પણ આ વખતે ક્રિકેટના મેદાનમાં જોવા મળશે, જેનું નેતૃત્વ વેઇન મેડસન કરી રહ્યો છે.

# T20 વર્લ્ડકપ : મેદાન બહારના વિવાદો ભૂલીને વ્યૂહરચનાને વળગી રહો

**મેદાન** બહારના વિવાદો હાલમાં હેડલાઇન્સમાં છએ પણ એકવાર મેદાન પર રમત શરૂ થતાં જ બધુ બાજુ પણ રહી જશે

વર્લ્ડકપ સ્પેશિયલ - સુનિલ ગવાસ્કર

ફરી એકવાર ICC વર્લ્ડકપનો પ્રારંભ થઈ રહ્યો છે, અને આ વખતે મેદાન જંગનું છે ક્રિકેટના સૌથી ટૂંકા ફોર્મેટ T20નું. હંમેશની જેમ, મેદાન બહારના વિવાદો અત્યારે હેડલાઇન્સમાં છવાયેલા છે. પરંપરા મુજબ, કેટલીક જૂની ક્રિકેટ સત્તાઓ આ સમસ્યાઓ માટે BCCI પર દોષનો ટોપલો ઢોળશે, પણ તેઓ પોતાના બોર્ડના પ્રતિનિધિઓને ભૂલી જશે જેઓ દરેક નિર્ણયમાં સમાન રીતે સામેલ હતા. જોકે, એકવાર મેદાન પર ખેલ શરૂ થશે એટલે આ બધું બાજુ પર રહી જશે અને તમામ ટીમોનું એકમાત્ર લક્ષ્ય ટુર્નામેન્ટમાં આગળ વધવાનું હશે.

ભારત આ વખતે પ્રબળ દાવેદાર તરીકે મેદાનમાં ઉતરી રહ્યું છે. તેનું કારણ માત્ર એટલું જ નથી કે તેઓ 'ડિફેન્ડિંગ ચેમ્પિયન' છે, પણ હાલમાં ટીમ જે શાનદાર લયમાં રમી રહી છે તે કાબિલ-એ-દાદ છે. ભારત તેની પહેલી મેચ અમેરિકા (USA) સામે રમશે. રસપ્રદ વાત એ છે કે અમેરિકાની ટીમમાં એવા ઘણા ખેલાડીઓ છે જેઓ ભારતમાં ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટ રમી ચૂક્યા છે અને સારી તકોની શોધમાં અમેરિકા સ્થાયી થયા છે. આ ખેલાડીઓ ભારતીય સ્ટાર્સ સાથે રમી ચૂક્યા હોવાથી તેમની રમતથી વાકેફ છે, તેથી મેદાન પર બંને ટીમો વચ્ચે જોરદાર ટક્કર જોવા મળશે.

T20માં પાવરપ્લેની છ ઓવરો ઘણીવાર નક્કી કરી દે છે કે મેચ કઈ તરફ ઝૂકશે, જોકે ઘણી ટીમો ખરાબ શરૂઆત છતાં વાપસી કરવામાં માહિર હોય છે. ભારત પાસે અભિષેક શર્મા અને ઈશાન કિશન જેવી ઓપનિંગ જોડી છે જે ટીમને તોફાની શરૂઆત અપાવે છે. સાથે જ કેપ્ટન સૂર્યકુમાર યાદવ પોતાની આગવી શૈલીમાં અને તિલક વર્મા પૂરી ફિટનેસ સાથે પાછા ફરતા ભારતનું ટોપ ઓર્ડર ઘણું ખતરનાક જણાય છે. તેમને રોકવાનું કામ સૌરભ નેત્રાવલકર અને ચતુર સ્પિનર હરમીત સિંહ કરશે. આ બંને ખેલાડીઓ વાનખેડેની પિચના મિજાજને સારી રીતે ઓળખે છે અને જાણે છે કે ભારતીય બેટિંગ લાઇનઅપ સામે નાનકડી ભૂલ પણ ભારે પડી શકે છે. બીજી તરફ, અમેરિકાના બેટ્સમેનોનો સામનો જસપ્રીત બુમરાહ સાથે થશે, જે અત્યારે વિશ્વનો સર્વશ્રેષ્ઠ બોલર છે. ન્યુઝીલેન્ડ સામેની શ્રેણીમાં જોવા મળ્યું હતું કે બુમરાહને પાંચમી ઓવરમાં લાવવામાં આવ્યો હતો, જેના કારણે અર્શદીપ સિંહ અને હર્ષિત રાણા પાવરપ્લેમાં બોલિંગ કરતા હતા. આ બંને બોલરો વિકેટ તો લે છે, પણ સર્કલની બહાર ઓછા ફિલ્ડરો હોવાને કારણે રન પણ વધુ આપે છે. ઈંગ્લેન્ડ કે દક્ષિણ આફ્રિકા જેવી ટીમો સામે આ મોંઘું સાબિત થઈ શકે. જો બુમરાહ પાવરપ્લેમાં એકને બદલે બે ઓવર ફેંકે, તો ભારત રન પર વધુ અંકુશ મેળવી શકે છે. સવાલ એ છે કે રક્ષણની જરૂર કોને છે? અનુભવી બુમરાહને કે યુવા બોલરોને? અને નવા બોલનો શ્રેષ્ઠ ઉપયોગ કોણ કરી શકે? જવાબ આપણી સામે જ છે. જેમ બેટિંગ ઓર્ડરમાં પરિવર્તનની તૈયારી રાખવી પડે છે, તેમ બોલિંગ ઓર્ડરમાં પણ જડતા રાખવાને બદલે લવચીકતા હોવી જરૂરી છે. T20માં કોઈ પણ ટીમ પલકવારમાં રમતનો નકશો બદલી શકે છે. અમેરિકાની ટીમ પણ આ જ આશા સાથે મેદાનમાં ઉતરશે કે તેઓ કોઈ મોટો ઉલટફેર કરીને ટુર્નામેન્ટની ધમાકેદાર શરૂઆત કરે.

# હર્ષિત રાણા ટી-20 વર્લ્ડકપમાંથી બહાર, સિરાજનો સમાવેશ

**હર્ષિતના** સ્થાને પ્રસિદ્ધ અને સિરાજના વિકલ્પમાંથી સિરાજને ટીમમાં સામેલ કરાયો : BCCI સૂત્રો

**વોર્મ** અપ મેચ દરમિયાન થયેલી ઘુંટણની ઇજાને કારણે હર્ષિત રાણા ટૂર્નામેન્ટમાંથી બહાર થઇ ગયો

મુંબઈ, તા. 06 (પીટીઆઇ) : ભારતનો યુવા ઝડપી બોલર હર્ષિત રાણા વોર્મ-અપ મેચ દરમિયાન થયેલી ઘૂંટણની ઈજાને કારણે શુક્રવારે ટી-20 વર્લ્ડકપમાંથી બહાર થઈ ગયો છે. કેપ્ટન સૂર્યકુમાર યાદવે સ્વીકાર્યું હતું કે તેની સ્થિતિ સારી જણાતી નથી. બીસીસીઆઇના વિશ્વસનીય સૂત્રોના જણાવ્યા અનુસાર, ટીમમાં રાણાના સ્થાને સાથી ઝડપી બોલર મોહમ્મદ સિરાજનો સમાવેશ કરવામાં આવ્યો છે.

અગાઉ, સૂર્યકુમારના નિવેદન પરથી સ્પષ્ટ સંકેત મળ્યો હતો કે મુખ્ય કોચ ગૌતમ ગંભીરનો આ 24 વર્ષીય શિષ્ય શનિવારે યુએસએ સામેની પ્રથમ મેચ પહેલા સમયસર સાજો થાય તેવી શક્યતા ઓછી છે. શુક્રવારે મેચ પૂર્વેની પ્રેસ કોન્ફરન્સમાં સૂર્યકુમારે કહ્યું હતું કે હર્ષિત રાણા હજુ સુધી સત્તાવાર રીતે બહાર થયો નથી, ફિઝિયો તેની તપાસ કરી રહ્યા છે, પરંતુ તેની ઈજા સારી લાગતી નથી. જોકે, ભારતીય કેપ્ટને આ આંચકાને હળવાશથી લેવાનો પ્રયાસ કર્યો હતો.

# U19 વર્લ્ડકપ : સૂર્યવંશીની યાદગાર ઇનિંગથી ભારતે વિક્રમી છઠ્ઠું ટાઇટલ જીત્યું

**વૈભવ** સૂર્યવંશીની વિક્રમી સદીની મદદથી ભારતે 411 રનનો વિક્રમી સ્કોર બનાવ્યો

**ઈંગ્લેન્ડને** 311 રને ઓલઆઉટ કરી ભારતીય ટીમે 100 રને જીત મેળવી



હરારે, તા. 06 : ક્રિકેટ જગતના નવા ઉભરતા સિતારા વૈભવ સૂર્યવંશીએ અંડર-19 વર્લ્ડ પના ઈતિહાસની અત્યંત વિસ્ફોટક ઈનિંગ રમીને ભારતને છઠ્ઠી વખત ચેમ્પિયન બનાવ્યું છે. શુક્રવારે રમાયેલી ફાઈનલ મેચમાં ભારતે ઈંગ્લેન્ડને 100 રને હરાવીને રેકોર્ડબ્રેક છઠ્ઠું ટાઈટલ જીત્યું હતું.

સૂર્યવંશીએ માત્ર 80 બોલમાં 175 રનની તોફાની ઈનિંગ રમી હતી, જેમાં રેકોર્ડ 15 છગ્ગા અને 15 ચોગ્ગાનો સમાવેશ થાય છે. તેની આ શાનદાર રમતની મદદથી ભારતે પ્રથમ બેટિંગ કરતા 9 વિકેટે 411 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. 412 રનના અશક્ય લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી ઈંગ્લેન્ડની ટીમ 40.2 ઓવરમાં 311 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. ઈંગ્લેન્ડ તરફથી કાલેબ ફાલ્કનરે 67 બોલમાં 115 રન બનાવીને હારનું અંતર ઘટાડવાનો પ્રયાસ કર્યો હતો. ભારતની આ જીત પાછળ મજબૂત ડોમેસ્ટિક સ્ટ્રક્ચર અને યુવા ખેલાડીઓની મહેનત દેખાઈ આવે છે. આયુષ મ્હાત્રેની આગેવાની હેઠળની આ ટીમે અત્યંત આક્રમક રમત બતાવી હતી. મ્હાત્રેએ પણ 51 બોલમાં 53 રનનું યોગદાન આપ્યું હતું. સૂર્યવંશી આઉટ થયા બાદ અભિજ્ઞાન કુંડુએ 40, વેદાંત ત્રિવેદીએ 32, વિહાન મલ્હોત્રાએ 30 અને કનિષ્ક ચૌહાણે 37 રનની ઉપયોગી રમી સ્કોર 400ને પાર પહોંચાડ્યો હતો. ભારતીય બોલરોએ પણ શાનદાર પ્રદર્શન કરીને ઈંગ્લેન્ડના બેટ્સમેનોને દબાણમાં રાખ્યા હતા. આ જીત સાથે ભારતે અંડર-19 ક્રિકેટમાં પોતાનું વર્ચસ્વ ફરી એકવાર સાબિત કર્યું છે.

# U19 વર્લ્ડકપમાં સૂર્યવંશીએ બીજી સૌથી ઝડપી સદી ફટકારી ઘણાં રેકોર્ડ બનાવ્યા

**વર્લ્ડકપ** ફાઇનલમાં 175 રનની ઇનિંગ સાથે સૂર્યવંશીએ રેકોર્ડનો 'વૈભવ' સર્જી દીધો

**એક** ઇનિંગમાં સર્વાધિક છગ્ગાથી લઇને એક એડિશનમાં સર્વાધિક છગ્ગાના રેકોર્ડ રચાયા




હરારે, તા. 06 (પીટીઆઇ) : અંડર-19 વર્લ્ડકપની આજે શુક્રવારે અહીં રમાયેલી ઈંગ્લેન્ડ સામેની ફાઈનલમાં ભારતની યુવા સનસનાટી એવા વૈભવ સૂર્યવંશીએ માત્ર 55 બોલમાં સદી ફટકારીને અંડર-19 વર્લ્ડકપના ઈતિહાસમાં બીજી અને યૂથ વન ડેમાં પાંચમી સૌથી ઝડપી સદી નોંધાવીને અનેક રેકોર્ડ્સ તોડ્યા હતા. સાથે જ તેણે એક ઈનિંગમાં સર્વાધિક છગ્ગા અને એક એડિશનમાં સર્વાધિક છગ્ગાનો પણ રેકોર્ડ બનાવ્યો હતો. માત્ર 14 વર્ષના સૂર્યવંશીએ 80 બોલમાં 175 રનની ધમાકેદાર ઈનિંગ રમી હતી. તેણે અંડર-19 ક્રિકેટમાં સૌથી ઝડપી 71 બોલમાં 150 રન કરવાનો રેકોર્ડ પણ પોતાના નામે કર્યો છે. આ પહેલા ઈંગ્લેન્ડના બેન મેયસે આ જ ટુર્નામેન્ટમાં સ્કોટલેન્ડ સામે 98 બોલમાં 150 રન બનાવ્યા હતા.

સૂર્યવંશીએ હવે યુથ વન ડે ઈનિંગ્સમાં સૌથી વધુ સિક્સર મારવાનો રેકોર્ડ પણ બનાવ્યો છે. તેણે ડિસેમ્બરમાં દુબઈમાં યુએઈ સામે ફટકારેલી પોતાની જ 14 સિક્સરના રેકોર્ડને પાછળ છોડી દીધો છે. નોંધનીય છે કે, ઓસ્ટ્રેલિયાના વિલ મલાજઝુકે તાજેતરમાં વિન્ડહોકમાં જાપાન સામે 51 બોલમાં સદી ફટકારી હતી, જે આ ટુર્નામેન્ટની સૌથી ઝડપી સદી છે.

## સુડોકુ - ૭૩૨૮ 'ક્રુઝ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | | ૮ | ૧ | | ૩ | | ૭ |
| ૯ | ૭ | | ૫ | ૬ | ૪ | | ૨ | ૮ |
| ૮ | ૬ | ૧ | | | | ૯ | ૫ | ૪ |
| ૬ | | ૮ | ૭ | | | ૫ | ૪ | ૩ |
| ૫ | ૩ | | ૪ | ૮ | | ૨ | ૯ | |
| ૨ | | ૯ | | ૫ | ૬ | | ૮ | |
| ૩ | | | ૧ | ૨ | | ૪ | ૭ | |
| ૭ | ૮ | | ૯ | | | ૬ | ૧ | |
| | | ૪ | ૬ | ૭ | | ૮ | ૩ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - સ્યોમંદ પરબીઆ

### યકૃતનો સોજો

કાળા જાંબુ ઉત્તમ છે. ઉનાળામાં જાંબુ તાજાં મળશે. હવે તો એના રસની સુકવણી પણ મળે છે. રોજ 10g થી 15g ખાવ.

## શબ્દગુંફન - ૭૧૬૪

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**

૧. સદગુણો તરફ પ્રેમ ધરાવતું (૫)
૪. વિશાળ, વિસ્તરેલું (૩)
૬. છલંગ (૩)
૮. મિત્ર (૨)
૧૦. ચોકી, રખેવાળી (૩)
૧૨. દબાવવું કે પીડવું (૩)
૧૩. દીવાની જ્યોત (૨)
૧૪. જમીન માલિક (૫)
૧૮. જંગલ, ઉજ્જડ પ્રદેશ (૨)
૧૯. તોફાન, ધમાલ (૪)
૨૨. વૃક્ષોની લાંબી હાર (૪)
૨૫. બરબાદ (૨)
૨૭. એક સરખું (૩)
૨૯. હેતુ, મુરાદ (૪)
૩૦. મોરનો ટહુકો (૪)
૩૧. અવાજ, ધૂન, ટેવ (૨)
૩૨. સંપ

**ઊભી ચાવી**

૧. શિક્ષક (૨)
૨. ઈલાજ, હિકમત (૩)
૩. ગાયન, કાવ્ય (૨)
૪. વિસ્તાર, ફેલાવો (૨)
૫. સોગન (૩)
૭. રાજાને કરાતું સંબોધન (૩)
૯. કુળવાન (૪)
૧૦. નસ, રક્તવાહિની (૨)
૧૧. ઢગલો (૨)
૧૨. મૂલ્ય, કિંમત (૨)
૧૩. બાતમી, પગેરું (૩)
૧૫. મધુર, ગળ્યું (૨)
૧૬. પાલવ, છેડો (૩)
૧૭. વિષ, ઝેર (૨)
૧૮. પ્રસન્ન, ખુશ (૨)
૨૦. પ્રતાપ, યશ (૩)
૨૨. તાબે, આધીન (૨)
૨૩. દુઃખની કહાણી (૫)
૨૫. યોગ્યતા (૪)
૨૬. ઘર, રહેઠાણ (૩)
૨૭. શિક્ષા, દંડ (૨)
૨૮. રોકડું (૩)

## આજનું પંચાંગ

**તા. 07/02/2026, શનિવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1947
**વીર સંવત :** 2552 **માસ :** મહા
**તિથિઃ** વદ છઠ: 26:56
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** શિશિર
**રાષ્ટ્રિય દિનાંક :** મહા: 18
**યોગ :** શૂલ **કરણઃ** ગર
**નક્ષત્ર :** ચિત્રા: 26:24
**રાશિઃ** કન્યા (પ,ઠ,ણ) 13:24 પછી તુલા (ર.ત.) **દિવસ :** સામાન્ય
**સુરતમાં સૂર્યોદય :** 07:15 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:31
**નવકારસી :** 08:03
**પારસી વર્ષ :** 1395 શેહરેવર માસનો 27મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447, શાબાન માસનો 18મો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ
**રાહુ કાળઃ** સવારે : 09:30 થી 11:00 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** વિચાર્યા વગરનું જોખમ ઉઠાવવું નહી. માતા તથા સંતાન કે પરિવારના સભ્યના આરોગ્યના ખર્ચા વધશે.

**વૃષભ (બ,વ,ઉ,):** આનંદોત્સવમાં ભાગ લેવાનું બને. મિત્રો વગેરે સાથે સામાજિક કામ થાય. વિદ્યાર્થીઓને તક મળે.

**મિથુન (ક,છ,ઘ,):** ઉતાવળમાં કોઇ નિર્ણય બદલવા નહીં. સતત વ્યસ્ત રહેવાનું બને. અચાનક નવી તક મળે.

**કર્ક (ડ,હ,):** વાણી પર કાબુ રાખવો. સરકારી કામમાં મદદ મળે. નોકરી-ધંધામાં પ્રવાસ થાય.

**સિંહ (મ,ટ,):** પારિવારિક ધંધામાં પ્રગતિ થાય. ખાણી પીણીનાં ધંધામાં ભાગ્યનો સાથ મળે.

**કન્યા (પ,ઠ,ણ,):** સમાજ જીવન અને સરકારી નોકરીમાં સાવધાની રાખવી. પડવા-વાગવાથી સંભાળવું.

**તુલા (ર,ત,):** કોઇની વાતોમાં ખાસ કરીને પ્રવાસમાં આવવું નહીં અચાનક નવી તક મળસે.

**વૃશ્ચિક (ન,ય,):** શુભ સમાચાર મળે. વફાદાર મિત્રોના સાથ મળે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** નોકરીમાં નવી જવાબદારી આવે. સરકારી કામમાં લાભ થાય. અશાંતિ જનક સમાચાર મળે.

**મકર (ખ,જ,):** નોકરીમાં સહકર્મીઓ સાથે વિવાદ ટાળવો. અશાંતિ જનક સમાચાર મળે. પ્રવાસ થાય.

**કુંભ (ગ,સ,શ,ષ,):** જૂના દર્દો પરેશાન કરે. સરકારી બાધા કે મુસીબત આવી શકે છે. ખર્ચા વધશે.

**મીન (દ,ચ,ઝ,થ,):** કોઇ સામાજિક કે પારિવારિક નવી જવાબદારી નિભાવવી પડશે. રોજના કામમાં મદદ મળે.

## કોઈ પણ સાલમાં 07 ફેબ્રુઆરીએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સામાન્ય રહેશે. નોકરી ધંધામાં ચડતી-પડતીની સાથે નવી તક અને જવાબદારીથી કામનો બોજ વધે. ટેક્નોલોજીનો લાભ મળે. સમાજમાં અશાંતિ અને પરિવારની અપેક્ષાઓ દોડ-ધામ વધારે ઊંમરલાયકના વિવાહ થાય. આર્થિક બાબતે પ્રગતિ થાય. ઉઘરાણી આવે. નવા રોકાણ થાય. આરોગ્ય સામાન્ય રહે. વિદેશનો કામમાં મદદ મળે. વિદ્યાર્થીઓની મહેનત રંગ લાવે. સંતાનોના કેરીયર-અભ્યાસમાં પ્રગતિ થાય. સરકારી કામ કોર્ટ, કચેરીમાં વિલંબ થાય. ધંધા-વેપાર નોકરીમાં હરીફો વધે. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડે. આવક વધારવાના પ્રયત્નોમાં પ્રગતિ થાય. વારસા, જાયદાદ, જમીન જેવા કામ થાય. જૂન-જુલાઈમાં સોમ-ગુરુવાર તથા 7,16, 25 તારીખ અનુકૂળ રહે. ગુલાબી સફેદ રંગનો ઉપયોગ કરવો ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં બુધ શુક્રવાર તા. 5,14,23 એ નવા કામ ટાળવાં લાલ અને લીલો રંગ ટાળવો. યાત્રા-પ્રવાસ ધર્મકર્મથી શાંતિ મળે.

## અનુસંધાન ... પાના પહેલાનું

### ચાંદીમાં 13,000નું...

બજારમાં દિવસના ઉત્તરાર્ધમાં તેજી જોવા મળી હોવા છતાં, સ્થાનિક બજારમાં ઊંચા સ્તરે નફો વસૂલવાની પ્રક્રિયાને કારણે કિંમતોમાં ઘટાડો થયો હતો. આંતરરાષ્ટ્રીય બજારોમાં કિંમતી ધાતુઓના ભાવમાં શરૂઆતી ઘટાડા બાદ 4 ટકાથી વધુનો તીવ્ર સુધારો જોવા મળ્યો હતો. સ્પોટ સિલ્વર 3.02 ડોલર અથવા 4.26 ટકા વધીને 74 ડોલર પ્રતિ ઔંસ પર પહોંચી હતી, જે દિવસના નીચલા સ્તર 64.08 ડોલરથી થયેલો સુધારો હતો. આ ઉપરાંત, સોનું પણ 106.74 ડોલર અથવા 2.23 ટકા વધીને 4,887.30 ડોલર પ્રતિ ઔંસ પર પહોંચ્યું હતું. મિરાઈ એસેટ શેરખાનના કોમોડિટી હેડ પ્રવીણ સિંઘે જણાવ્યું હતું કે, સ્પોટ ગોલ્ડ નબળી નોંધ સાથે ખૂલ્યું હતું અને 4,654 ડોલરની નીચી સપાટીએ પહોંચ્યું હતું, પરંતુ ત્યારબાદ તેમાં જોરદાર સુધારો જોવા મળ્યો હતો. તેમણે ઉમેર્યું કે રોજગારીના નબળા આંકડાઓએ કિંમતી ધાતુઓને ટેકો આપ્યો હતો, પરંતુ અમેરિકા-ઈરાન વાટાઘાટોમાં સફળતાની આશાએ વધારા પર અંકુશ રાખ્યો હતો. ઓમાનમાં ચાલી રહેલી ઈરાન-અમેરિકા બેઠક અને અમેરિકી મોનેટરી પોલિસીની દિશાને કારણે બજારમાં ભારે અસ્થિરતા યથાવત છે.

### સતત વિરોધ...

જ લોકસભામાં વિક્ષેપ જોવા મળી રહ્યો છે, જ્યારે વિપક્ષના નેતા રાહુલ ગાંધીને પૂર્વ આર્મી ચીફ એમ.એમ. નરવણેના 'અપ્રકાશિત સંસ્મરણો' પર આધારિત લેખને ટાંકતા રોકવામાં આવ્યા હતા, જેમાં 2020ના ભારત-ચીન સંઘર્ષનો ઉલ્લેખ છે. બિરલાએ એમ પણ કહ્યું કે કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી માટે પણ એક પ્રશ્ન ચિહ્નિત થયેલ છે. ભારે હોબાળા વચ્ચે સ્પીકરે કાર્યવાહી શરૂ થયાની ચાર મિનિટમાં જ સ્થગિત કરી દીધી હતી. તેમણે વિપક્ષી સભ્યોને ટ્રેઝરી બેન્ચ (સત્તાધારી પક્ષની બેઠકો) તરફ ન જવા ચેતવણી આપી હતી. હાલ સરકાર અને વિરોધ પક્ષ આમને-સામને છે. ઉલ્લેખનીય છે કે, વિપક્ષના સતત સૂત્રોચ્ચારને કારણે વડા પ્રધાનના પરંપરાગત જવાબ વિના જ ગુરુવારે આભાર પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો.

### ડિજિટલ છેતરપિંડીનો...

અમે તેમને વળતર આપીશું. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે ગ્રાહકોની પોતાની જવાબદારી હોવી પણ મહત્વપૂર્ણ છે, તેથી જો છેતરપિંડી 25,000 રૂપિયાની મર્યાદાની અંદર હોય તો પણ છેતરપિંડીની રકમના 15 ટકા હિસ્સો ખાતાધારકે પોતે ભોગવવો પડશે. મોટી રકમના ફ્રોડના કિસ્સામાં વળતરની મર્યાદા 25,000 રૂપિયા સુધી જ રહેશે. મલ્હોત્રાએ જણાવ્યું હતું કે વળતરના માળખાનો ડ્રાફ્ટ ટૂંક સમયમાં જાહેર પરામર્શ માટે બહાર પાડવામાં આવશે.

### રિઝર્વ બેન્કે...

અર્થતંત્ર માટે સારા સંકેત આપે છે. આરબીઆઈએ ફેબ્રુઆરી 2025 થી અત્યાર સુધીમાં દરોમાં કુલ 125 બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો છે, જે 2019 પછીનું સૌથી આક્રમક રેટ કટિંગ સાયકલ છે. અગાઉ ડિસેમ્બરની બેઠકમાં બેંકે વ્યાજ દરમાં 25 બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો હતો. ગવર્નરે ઉમેર્યું હતું કે, વધતા ભૂરાજકીય તણાવ અને અનિશ્ચિતતાની વચ્ચે, ભારતીય અર્થતંત્ર મજબૂત વૃદ્ધિ અને નીચા ફુગાવા સાથે સારી સ્થિતિમાં છે. ફુગાવો સહ્ય મર્યાદાની નીચે રહ્યો છે અને તેનું ભાવિ દૃશ્ય પણ અનુકૂળ જણાય છે. યુરોપિયન યુનિયન સાથે સીમાચિહ્નરૂપ વેપાર સોદા અને અમેરિકી વેપાર કરારની શક્યતા સાથે, વૃદ્ધિની ગતિ લાંબા સમય સુધી જળવાઈ રહેવાની સંભાવના છે. ચાલુ નાણાકીય વર્ષમાં ફુગાવો સરેરાશ 2 ટકાની નજીક રહેવાની ધારણા છે, જે કેન્દ્રીય બેંકના 4 ટકાના લક્ષ્યાંકથી નીચે છે. 31 માર્ચે પૂરા થતા ચાલુ નાણાકીય વર્ષ માટે જીડીપી (GDP) વૃદ્ધિ 7.4 ટકા રહેવાનો અંદાજ છે. આરબીઆઈએ આગામી નાણાકીય વર્ષના પ્રથમ બે ત્રિમાસિક ગાળા માટે વાસ્તવિક જીડીપી વૃદ્ધિના અંદાજો વધારીને અનુક્રમે 6.9 ટકા (એપ્રિલ-જૂન) અને 7 ટકા (જુલાઈ-સપ્ટેમ્બર) કર્યા છે, પરંતુ સમગ્ર વર્ષનો અંદાજ એપ્રિલ સુધી મુલતવી રાખ્યો છે કારણ કે આ મહિનાના અંતમાં નવી જીડીપી શ્રેણી જાહેર કરવામાં આવશે.

### મણિપુરના ચુરાચાંદપુરમાં...

આ ધારાસભ્યોએ જાન્યુઆરીમાં પસાર થયેલા એ પ્રસ્તાવનું ઉલ્લંઘન કર્યું છે જેમાં નક્કી કરાયું હતું કે જ્યાં સુધી અલગ વહીવટી વ્યવસ્થા માટે કેન્દ્ર કે રાજ્ય સરકાર લેખિત ખાતરી ન આપે ત્યાં સુધી કોઈ ધારાસભ્ય સરકારમાં સામેલ થશે નહીં. જોકે, આ ધારાસભ્યોનું કહેવું છે કે તેમણે સમુદાયના નેતાઓ સાથે વાતચીત કર્યા બાદ જ વિકાસ અને સુરક્ષાના હિતમાં આ નિર્ણય લીધો છે. હાલમાં તણાવને જોતા ત્રણેય ધારાસભ્યોના નિવાસસ્થાને સુરક્ષા વધારી દેવામાં આવી છે અને આસામ રાઈફલ્સ તૈનાત કરવામાં આવી છે. મે 2023થી ચાલી રહેલી વંશીય હિંસા બાદ મણિપુરમાં સ્થિતિ ફરી એકવાર નાજુક બની છે.

### પાકિસ્તાનમાં શિયા...

હતા. પોલીસ અને રેસ્ક્યૂ-1122 ના કર્મચારીઓ બચાવ કામગીરીમાં જોડાયા હતા. સેનાના જવાનો અને રેન્જર્સે વિસ્તારને કોર્ડન કરી લીધો છે અને ઘટનાસ્થળની આસપાસ સુરક્ષા કામગીરી ચાલી રહી છે. ઘાયલોને હોસ્પિટલમાં ખસેડવામાં આવતા રાજધાનીની હોસ્પિટલોમાં ઈમરજન્સી જાહેર કરવામાં આવી હતી. આ હુમલો ઈસ્લામાબાદમાં ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટની ઈમારત બહાર થયેલા આત્મઘાતી હુમલાના ત્રણ મહિના કરતા પણ ઓછા સમયમાં થયો છે, જે હુમલામાં 12 લોકો માર્યા ગયા હતા. સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફે પોતાના દાવાના સમર્થનમાં કોઈ પુરાવા આપ્યા વિના, હુમલામાં ભારત અને અફઘાનિસ્તાનની સંડોવણી હોવાનો દાવો કર્યો હતો. ઈરાન, અમેરિકા, યુકે તથા અન્ય અનેક દેશોએ આ હુમલાને વખોડી નાખ્યો છે. પ્રમુખ આસિફ ઝરદારી, વડાપ્રધાન શહબાઝ શરીફ અને સેનેટમાં વિરોધ પક્ષના નેતા રાજા નાસિરે આ હુમલાની સખત નિંદા કરી હતી. પ્રમુખ ઝરદારીએ કહ્યું કે, નિર્દોષ નાગરિકોને નિશાન બનાવવા એ માનવતા વિરુદ્ધનો અપરાધ છે. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, વિસ્ફોટના સ્વરૂપની તપાસ કરવામાં આવી રહી છે, પરંતુ પ્રાથમિક દ્રષ્ટિએ આ આત્મઘાતી હુમલો જણાય છે. આંતરિક બાબતોના રાજ્ય મંત્રી તલાલ ચૌધરીએ ઈસ્લામાબાદની PIMS હોસ્પિટલની મુલાકાત લીધી અને ઘાયલોને મળ્યા હતા. સંસદીય બાબતોના મંત્રી તારિક ફઝલ ચૌધરીએ પણ સોશિયલ મીડિયા પર આ કાયરતાપૂર્ણ કૃત્યની નિંદા કરતા શોક વ્યક્ત કર્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આવા આતંકવાદી કૃત્યો રાષ્ટ્રના મનોબળને નબળું પાડી શકતા નથી અને સમયની માંગ છે કે આપણે સૌ શાંતિ, સહિષ્ણુતા અને સ્થિરતા માટે એક થઈએ. મંત્રી ચૌધરી પોતે ઈસ્લામાબાદના વતની છે અને જે વિસ્તારમાં બ્લાસ્ટ થયો તે જ વિસ્તારના છે.